સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

સલામી સવારની..

(રજત જયંતી વર્ષ)

ફરી જાય ગ્રહો તો 'વિજય' પણ હારી જાય છે,
નશીબ વિફરે તો 'અમર' પણ મરી જાય છે,
ને તરી જાય 'અર્જૂન' સારથીના સથવારે -
પીઠબળે વામન પણ ત્રણ પગલાં ભરી જાય છે

હાઈકુ

હા-જી-હા કરો
નહીં તો બગડશે -
ગુમ 'સી.આર.'

બદલી જાય
શતરંજ સોગઠે
ચાણક્યો પણ...

ચિંતન

પીછે ચાહે ચાકરી, પહલે મહિના દેત,
સાહબ કો શિર સૌંપતે, ક્યોં કસકત હૈ દેહ ? ॥

ઉપરોક્ત સાખી કહત કબીરામાંથી લેવામાં આવેલ છે.

મૃત્યુલોકનાં આપણે માનવીઓના માથે કુટુંબ પરિવારનાં ભરણપોષણની જવાબદારી રહેલી છે. પોતાના અને સૌ કુટુંબીજનોનાં નિર્વાહ માટે અનેક પ્રકારની જવાબદારી અને જરૂરિયાત રહે છે અને એ જરૂરિયાત પૂરી કરવા માટે માણસે કામ-ધંધો કે નોકરી કરી ધન અર્જિત કરવું જ પડે છે. નોકરી કરીને પગારરુપે ધન મેળવે છે અને તેનાથી પોતાની અને કુટુંબની જરૂરિયાત પૂરી કરે છે. પગાર તો એક મહિનો કામ કર્યા પછી જ મળે છે. પહેલા કામ પછી દામ. અહીં કબીર કહે છે કે જે શેઠ-માલિક તમારા ખોરાક અને પાણીની સર્વ સુવિધા પહેલેથી જ કરી રાખે છે અને પછી તમારી પાસે નોકરી એટલે કે તેનું નામ સ્મરણ અને સદ્‌કર્મોની અપેક્ષા રાખે છે તે છતાં એવા માલિકની નોકરી દિલથી કરવાનું તેમને કેમ સૂઝતું નથી ? આવા સાહેબ એટલે ઈશ્વરને શરણે જવામાં હે મૂર્ખ માણસ ! તારું મન અને દેહ કેમ અચકાય છે?

સુવિચાર

- હુકૂમત બાંજુઓ કે જોર પર તો કોઈ ભી કરલે,
  જો સબકે દિલ પે છા જાએ ઉસે ઈન્સાન કહતેં હૈ - **કૃષ્ણકુમાર**
- આજનું કામ આજે પતાવવાથી,
  તમે એ લોકોથી આગળ નીકળી જશો જે કાલના ભરોસે બેઠા છે - **એસ. ભટ્ટાચાર્ય**
- જિંદગીમાં પર્વત ઉપાડીને ચાલી રહ્યા છો ને એ ઉપાડવાના નહોતા
  માત્ર ઓળંગવાના હતા - **કાજલ ઓઝાવૈદ્ય**
- આંખો નહીં ધરાવનાર કરતાં પોતાના દોષ છુપાવનાર આંધળો હોય છે - **ભૂપત વડોદરિયા**
- ખુલાસો માત્રએ વ્યક્તિને જ અપાય,
  જેની શ્રવણશક્તિ અને સમજણ શક્તિ બંને મજબૂત હોય - **જનક નાયક**
- સહન કરતા શીખી જશો તો તમે સુદામા બની જશો,
  જો સુદામા બની ગયા તો કૃષ્ણને પણ તમારા પગ ધોવા પડે - **જનકલ્યાણ**
- આજનું ઔષધ : એલચીને તવા પર બાળી તે રાખ ઘી અને મધ મેળવી ચાટવાથી સૂકી ખાંસી મટે છે

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

'આલફ્રેડ ધી ગ્રેટ' ઈંગ્લેન્ડની પ્રજા આજે પણ આ રાજાને યાદ કરે છે. રાજા બન્યા પછી તો એ ખૂબ આળસું બની ગયો હતો. સતત ભોગ વિલાસમાં રત રહેતો હતો. એને પ્રજાની કોઈ દરકાર ન હતી. પડોશી રાજાએ તકનો લાભ લઈ એમના રાજય પર હુમલો કર્યો. અને આલફ્રેડને જીવ બચાવવા ભાગી જવું પડ્યું છે. વેશપલ્ટો કરીનેએ સાવ નાના ગામડામાં એક ખેડૂતને ત્યાં નોકરીમાં લાગી ગયો. ખેડૂતને ખેતીમાં મદદ કરવાના બદલામાં પેલો ખેડૂત એને રહેવા - જમવાનું આપે. એકવાર ખેડૂતની પત્નીને અચાનક બહાર જવાનું થયું. એણે આલફ્રેડને કહ્યું, 'હું બહાર જાઉં છું. થોડીવારમાં આવી જઈશ. ચૂલા પર કઠોળ પકવવા મૂક્યું છે. તુ બરાબર ધ્યાન રાખજે અને કઠોળ ચડી જાય એટલે તપેલી નીચે ઊતારી લેજે.' થોડીવાર પછી ખેડૂત પત્ની પાછી આવી અને જોયું તો કઠોળ સાવ બળી ગયું હતું. આલફ્રેડ ત્યાં જ બેઠો કાંઈ વિચારમાં હતો. પેલીએ એને ઢંઢોળ્યો અને કહ્યું 'તું તો સાવ આપણા રાજા આલફ્રેડ જેવો જ છે. કોઈ કામ ધ્યાન દઈને કરતો જ નથી તને આપેલું કામ એકાગ્ર ચિત્તથી કરતા શીખ નહીંતર રાજાએ રાજય ખોયું તેમ તું તારી નોકરી ખોઈ બેસીશ.' આલફ્રેડને ખેડૂતની પત્નીએ કહેલા શબ્દો દિલ સોંસરવા લાગ્યા. એને એની ભૂતકાળની કરેલી ભૂલો સમજાઈ. તેણે પોતાના વફાદાર સાથીઓને ભેગા કર્યા અને યોગ્ય આયોજન સાથે યુદ્ધ કર્યું અને ઈંગ્લેન્ડની ખોયેલી ગાદી ફરીથી મેળવી.

ભારત માટે વૈશ્વિક મંચ પર વિશિષ્ટ તક

તંત્રીસ્થાનેથી...

વૈશ્વિક રાજકારણ ફરી એક વાર બે સ્પષ્ટ છાવણીઓમાં વહેંચાઈ રહ્યું છે. ચીન કોઈ પણ સંજોગોમાં એની સવાઈ મહાસત્તા બની જવાની મહેચ્છા પર નિયંત્રણ મૂકવાનું નથી.અમેરિકા ભલે અગાઉની સરખામણીએ નબળું પડી ગયું હોય પણ એ 'નંબર વન' પોઝિશન પરથી ખશવા કયારેય તૈયાર નહીં થાય. એના માટે આ પ્રતિષ્ઠાનો પ્રશ્ન છે. વળી અમેરિકા એક લોકશાહી રાષ્ટ્ર તરીકે એનો આ દોરદમામ જાળવી રાખે એમાં બાકીની દુનિયાને પણ રસ છે. જો બાઈડન ભલે કહેતા ફરે કે તેઓ નવા 'શીતયુદ્ધ'ની પરિસ્થિતિ સર્જવા રાજી નથી પરંતુ સંજોગો તો શીતયુદ્ધના મંગલાચરણના જ સંકેત આપી રહ્યા છે! અફઘાનિસ્તાનમાં અમેરિકા દ્વારા ઉતાવળે સેના પાછી ખેંચી લેવાના નિર્ણયથી વર્તમાન રાષ્ટ્રપ્રમુખ જો બાઈડન પર ઘણાં માછલાં ધોવાયાં. ત્યાં સુધી કે આજે ચૂંટણી થાય તો રાષ્ટ્રપ્રમુખની સ્પર્ધામાં ભૂતપૂર્વ રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ એમને હરાવીને આગળ નીકળી જાય. ટ્રમ્પ માટે પ્રચાર કાર્ય કરનારા ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી 'હાઉડી મોદી' શીર્ષક હેઠળ હ્યુસ્ટનમાં યોજાયેલ અભિનંદન સમારોહ પછી ઘણા લાંબા વિરામ બાદ વોશિંગ્ટન પહોંચ્યા છે. ક્વૉડ રાષ્ટ્રોની બેઠક એનું નિમિત્ત બની છે જે ચીનની આંખોમાં કણાની જેમ ખૂંચે છે. શાંઘાઈ ગ્રુપના કાર્યક્રમમાં મોદીએ પોતાનું સ્ટેન્ડ ચોખ્ખે ચોખ્ખી ભાષામાં ક્લિયર કર્યું હતું. વિશ્વમાં અંતિમવાદને નાથવો એ તમામ સદસ્ય રાષ્ટ્રોની ટૉપ પ્રાયોરિટી હોવી જોઈએ એવો અભિપ્રાય આપી એમણે પાડોશી રાષ્ટ્ર દ્વારા આતંકવાદી તાલિબાનને સમર્થન આપી અફઘાનિસ્તાનમાં પગદંડો જમાવ્યાની આડકતરી ટીકા કરી જ હતી. પાકિસ્તાન વર્ષોની નકારાત્મક ભૂમિકામાં જ રહેતું આવ્યું છે. કદાચ એની જન્મકુંડળીમાં આ સ્થાયી યોગ છે. કયારેક પાકિસ્તાને એવું કોઈ કામ નથી કર્યું જેના માટે દુનિયા એની પીઠ થાબડે. વ્યૂહાત્મક રીતે અગત્યનો દેશ ગણી અમેરિકા છેક ગઈ કાલ સુધી એની પીઠ થાબડતું રહ્યું હતું. અમેરિકાની આર્થિક સહાય તો આતંકવાદ ડામવા માટે અને વિકાસ કાર્યો કરવા માટે અપાતી હતી પરંતુ પાકિસ્તાને અમેરિકાની આંખોમાં ધૂળ નાખીને ઓસામા બિન લાદેનથી લઈ તાલિબાનના સંસ્થાપક મુલ્લા ઓમર અને કટ્ટરપંથી હક્કાની તથા ભારતમાં જુલમ વરસાવનારાં આતંકી જૂથોને જ પંપાળવાનું કામ કર્યું. અમેરિકાને મોડે મોડે એ સમજાયું ખરું અને એણે પાકિસ્તાન પ્રત્યે સૂગ રાખવા પણ માંડી. પરંતુ એથી પાકિસ્તાન સુધર્યું નથી. એણે તો ફુવડ સ્ત્રીની જેમ બીજું ઘર, બાંધી લીધું છે. હવે એ ચીનના ખોળામાં બેસી ગયું છે. ચીનને પણ પાકિસ્તાન સાથે 'નેચરલ ફ્રેન્ડશીપ' અને ભારત સાથે એવી જ કુદરતી દુશ્મનાવટ રહ્યા કરી છે. અફઘાનિસ્તાનમાં ત્યાંની તાલીમ પામેલી વિશાળ સેનાએ મુઠ્ઠીભર તાલિબાનો સામે વગર લડ્યે હથિયાર હેઠાં મૂકી દીધાં એની પાછળ ખરો રોલ તો પાક આર્મીનો અને એની કુખ્યાત જાસૂસી સંસ્થા આઈએસઆઈનો રહ્યો હતો. તાલિબાનને માન્યતા અપાવા પાકિસ્તાન આકાશપાતાળ એક કરી રહ્યું છે ચીન અને રશિયા જેવા અમેરિકાના દુશ્મન દેશોએ અફઘાનિસ્તાનમાં એમની એલચી કચેરીઓ ચાલુ રાકી છે. યુનોમાં તાલિબાનને મંચ અપાવવાની પાકિસ્તાનની ભલામણ સૂચક છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી હવે મોં ખોલ્યા વિના રહી શકે એમ નહોતા. આખરે એમણે અમેરિકાની તાલિબાન પ્રત્યેની કૂટનીતિને અનુસરવું પડ્યું છે. ભારત સામે કાશ્મીર સહિતના સરહદી વિસ્તારોમાં આતંકવાદી હુમલાની શક્યતા વધી ગઈ છે. એથી ક્વૉડ સિત યુએનની અન્ય બેઠકો અને સિક્યુરિટી કાઉન્સિલમાં ભાગ લેવા ગયેલા વડાપ્રધાન એમના કાફલામાં સુરક્ષા સલાહકાર ડોવાલ અને વિદેશમંત્રી જયશંકરને પણ સાથે લઈ ગયા છે. રાષ્ટ્રપ્રમુખ બાઈડન સાથે એમને નવેસરથી દોસ્તી કરવાની છે. ઉપરાષ્ટ્ર પ્રમુક કમલા બેરીસ એમનાં ટીકાકાર રહ્યાં છે. આ તમામ વિપરીત સંજોગો છતાં અમેરિકા અને ભારતને વૈશ્વિક મંચ પર સાથે રહેવાની ફરજ પડી છે. લુચ્ચુ ચીન એશિયા પેસિફિક પ્રદેશમાં ભારતની વધતી અસરથી સમસમી ગયું છે. ઓસ્ટ્રેલિયા વિરુદ્ધ તો એણે ફૂંફાડા મારવાનું શરૂ પણ કરી દીધું છે. ભારત માટે વૈશ્વિક સત્તા સંતા સંતુલનમાં અગાઉ કયારેક નહોતી એવી તક ઊભી થઈ છે અને તે પંડિત નહેરુના શાસનકાળવાળી બિનજોડાણવાળી કે મધ્યસ્થીની નહીં પણ અમેરિકાના સહયોગી રાષ્ટ્ર તરીકેની તક છે.

જગન્નાથ - સમન્વયનું ઉદાહરણ

અમર વારસો

ડૉ. રશ્મિકાન્ત મહેતા

આંધ્રપ્રદેશમાં ગોદાવરી નદી વહે. એના પૂર્વ કાંઠે વેંગીનાડ જિલ્લો. અહીં મુગુંડ નામે ગામ. ત્યાં જગન્નાથ (ઈ.સ. ૧૫૯૦)નો જન્મ થયો. તૈલંગ વંશના બ્રામણ. પિતા પેરમભટ્ટ અને માતા લક્ષ્મી.

દેવી બાલા ત્રિપુરા સુંદરીએ એને આશીર્વાદ આપ્યા. 'તું ઉત્તર દિશામાં જા. તારી પ્રગતિ થશે.' જગન્નાથે આજ્ઞા સ્વીકારી લીધી. જયપુરમાં આવ્યા. અહીં પાઠશાળા ચલાવવાનું શરૂ કર્યું. સાથોસાથ અરેબિક, ફારસી અને ઉર્દૂ ભાષા શીખ્યા. મુસ્લિમ ધર્મનો અભ્યાસ કર્યો. દિલ્હીથી એક કાજી આવેલા. એમને શાસ્ત્રનિવાદમાં પરાજિત કર્યા. કાજી દિલ્હી પાછા ફર્યા. એણે બાદશાહ જહાંગીર પાસે જગન્નાથથી પ્રશંસા કરી. એની વિનંતી સ્વીકારીને, જહાંગીરે જગન્નાથને પોતાની પાસે બોલાવી લીધા.

જહાંગીરના સાળા અને નૂરજહાંનાં ભાઈ આસફખાન હતા. એ જગન્નાથના પ્રિય મિત્ર થઈ ગયા. જહાંગીરના સમયમાં ડૉકટર બર્નાર્ડ હતા. એને એક મુસ્લિમ પ્રેમિકા હતી. જહાંગીરે બંનેનાં લગ્ન કરાવી આપ્યાં.

જહાંગીરના અનુગામી એમના પુત્ર શાહજહાં હતા. શાહજહાંની બેગમ મુમતાઝ મહલના પિતા આસફખાન હતા. આસફખાને બાદશાહને ભલામણ કરી. 'જગન્નાથને પંડિતરાજની પદવિથી વિભૂષિત કરો.' શાહજહાંએ વિદ્વાન રાયમુકુન્દનો અભિપ્રાય લીધો અને પછી જગન્નાથને 'પંડિતરાજ'નો ઈલ્કાબ આપ્યો. હવે એ પંડિતરાજ જગન્નાથ તરીકે જાણીતા થયા.

શાહજહાંએ કાશ્મિર પ્રદેશ ઉપર આક્રમણ કર્યું. આ સૈનિક અભિયાનમાં જગન્નાથ સાથે હતા. આ સૈનિક અભિયાનમાં સેનાપતિ આસફખાન હતા.

ઈ.સ. ૧૬૪૧માં આસફખાનનું અવસાન થયું. જગન્નાથે પોતાના આ પ્રિય મિત્રની સ્મૃતિ ચિરંજીવ રાખવા, ગદ્યકાવ્ય આખ્યાયિકાની રચના કરી. એને નામ આપ્યું. 'આસફવિલાસ.'

શાહજહાંના એક પુત્ર દારાશિકોહ હતા. એણે પચાસ ઉપનિષદોનો ફારસીમાં અનુવાદ કર્યો. એને શીર્ષક આપ્યું 'સિર એ અકબર' જગન્નાથે એને આમાં સહાય આપી.

એક દંતકથા એના વિષે આવી છે - શાહજહાંના જનાનખાનામાં એક દાસી હતી. એ ઈરાનથી આવી હતી. જગન્નાથ અને આ યુવતીને પરસ્પર પ્રેમ થયો. લવીંગની વેલ સુવાસિત હોય, એ સુવાસ મનોહર હોય. જગન્નાથ એને લવંગિકા કહેતા.

એકવાર શાહજહાં અને જગન્નાથ બેઠા હતા અને શાહજહાંએ એને પૂછ્યું, એના જવાબમાં જગન્નાથે કહ્યું, 'મારે હાથી, અશ્વો કશું જોઈતું નથી. આ જાય છે એ લવંગિકા છે એણે કેસરી વસ્ત્ર પહેર્યાં છે. મસ્તકે કુંભ છે બસ. એ મારો સ્વીકાર કરી શકે, એવું કરો.' શાહજહાંએ પ્રસ્તાવ મૂક્યો. 'તું મારી સાથે ભોજન લે.' જગન્નાથે પ્રસ્તાવ સ્વીકાર્યો, બંનેને ભોજન કર્યું. જગન્નાથને લગ્ન કરાવી આપ્યા. પરંતુ બ્રાહ્મણ સમાજને અવગમો હતો. તેથી જગન્નાથ અને લવંગિકા કાશી આવ્યા. ગંગા કિનારે ઘાટ ઉપર બેઠા. જગન્નાથે બાવનશ્લોક માં ગંગાની સ્તુતિ કરી. 'ગંગા લહરી.' ગંગાના તરંગોએ બંનેનાં ચરણો પખાળ્યા. બંનેને 'પવિત્ર' જાહેર કર્યા.

ઈ.સ. ૧૬૬૫માં કાશીમાં જગન્નાથને હૃદયરોગનો ભારે હુમલો થયો અને એનું અવસાન થયું.

બૌદ્ધ ધર્મ ગ્રહણ કરનાર પ્રથમ મહિલા કોણ હતા?

ખજાનો

અનિલ પટેલ

ભારતનો ઈતિહાસ

૧ 'પાંડુરંગ મહામાત્યમ્' ની રચના કોણે કરી હતી ?
(અ) હરવિજય સૂરી — **(બ) તેનાલી રામ**
(ક) શ્રી ગંગાભટ્ટ — (ડ) દેવરાજ પ્રથમ

૨ બાબર અને રાણા સાંગાનું યુદ્ધ કયાં થયું હતું ?
(અ) ખાનવા — (બ) હલદીઘાટી
(ક) તાલીકોટા — (ડ) ચૌસા

૩ 'હુમાયુનામા'ની રચના કોણે કરી હતી ?
(અ) પંડિત જગન્નાથ — (બ) અલબરૂની
(ક) ગુલબદન બેગમ — (ડ) દારાશિકોહ

૪ હલદીઘાટીનું યુદ્ધ કઈ સાલમાં થયું હતું ?
(અ) ઈ.સ. ૧૫૫૦ — (બ) ઈ.સ. ૧૫૬૫
(ક) ઈ.સ. ૧૫૭૦ — **(ડ) ઈ.સ. ૧૫૭૬**

૫ ઔરંગઝેબનો જન્મ ગુજરાતના કયા શહેરમાં થયો હતો ?
(અ) દાહોદ — (બ) ખંભાત
(ક) જુનાગઢ — (ડ) ચાંપાનેર

૬ 'મજમ - ઉલ - બહરીન' ગ્રંથની રચના કોણે કરી હતી ?
(અ) અલબરૂની — (બ) ગુલબદન બેગમ
(ક) દારા શિકોહ — (ડ) ફિરદોશી

૭ કયો મુઘલ બાદશાહ 'શાદી દરવેશ' તરીકે ઓળખાતો હતો ?
(અ) જહાંગીર — **(બ) ઔરંગઝેબ**
(ક) શાહજહાં — (ડ) બહાદુરશાહ

૮ કયા અંગ્રેજ અધિકારીને મારવાડના સેનાપતિને રાઠોડોનો યુલિસિસ તરીકે ઓળખાવ્યો છે?
(અ) કર્નલ ટોડે — (બ) હ્યુરોજ
(ક) લૉર્ડટ કેનિંગ — (ડ) ડેનિંગ

૯ શિવાજીએ પોતાની રાજધાની કયાં સ્થાપી હતી ?
(અ) શિવનેર — (બ) પંચમઢી
(ક) જબલપુર — **(ડ) રાયગઢ**

૧૦ બીબીનો મકબરો કયાં આવેલો છે?
(અ) લખનૌ — (બ) અલીગઢ
(ક) ઔરંગાબાદ — (ડ) મેરઠ

૧૧ શિવાજીનો રાજ્યાભિષેક કોના દ્વારા થયો હતો ?
(અ) શ્રી ગંગાભટ્ટ — (બ) રામદાસ
(ક) શ્રી હરિનારાયણ — (ડ) ગૌવિંદાચાર્ય

૧૨ ઈ.સ. ૧૭૮૨માં થયેલ દ્વિતિય ઍંગ્લો - મૈસુર યુદ્ધ દરમિયાન કોનું અવસાન થયું હતું ?
(અ) બહાદુર શાહ — **(બ) હૈદર અલી**
(ક) ટીપુ સુલતાન — (ડ) અહમદ શાહ અબ્દાલી

૧૩ બૌદ્ધ ધર્મ ગ્રહણ કરનાર પ્રથમ મહિલા કોણ હતા ?
(અ) રેવા — (બ) સાવિત્રી
(ક) કામીની — **(ડ) ગૌતમી**

૧૪ મરાઠાઓ અને અહમદશાહ અબ્દાલી વચ્ચે પાણીપતનું ત્રીજું યુદ્ધ કઈ સાલમાં થયું હતું ?
(અ) ઈ.સ. ૧૭૬૧ — (બ) ઈ.સ. ૧૭૬૫
(ક) ઈ.સ. ૧૭૭૦ — (ડ) ઈ.સ. ૧૭૭૫

૧૫ ચોથ અને સરદેશ મુખી કયા રાજાના આવકના મુખ્ય સાધનો હતા ?
(અ) બાલાજી વિશ્વનાથ — **(બ) શિવાજી મહારાજ**
(ક) ધર્મપાલ — (ડ) કુમારગુપ્ત

વિવિધા

વિષય : આ સપ્તાહમાં આવતા દિવસોની મહત્ત્વની ઘટ

- ૨૪ સપ્ટેમ્બર : વિશ્વ બાળકી દિવસ
  - પદ્મવિભૂષણ સન્માનિત વૈજ્ઞાનિક ડૉ. રાજા રમન્નાનું નિધન (૨૦૦૪)
  - ઈસ્લામિક વર્ષ હિજરીનો આરંભ (૬૨૨)
  - મશહુર અમેરિકન પપેટીયન (કઠપૂતળી નિષ્ણાત) જિમ હેન્સનનો જન્મદિવસ (૧૯૩૬)
  - મક્કા ખાતે હજ યાત્રાની ભાગદોડમાં ૨૪૦૦ લોકો માર્યા ગયા (૨૦૧૫)
- ૨૫ સપ્ટેમ્બર : સામાજિક ન્યાય દિવસ
  - કેન્યાના મહિલા રાજનેતા અને પર્યાવરણ એક્ટીવીસ્ટ એવા વાનગીરી માથાઈ પ્રમમ આફ્રિકન મહિલા જેમણે નોબેલ પારિતોષિક મેળવ્યું હતું તેમનું અવસાન (૨૦૧૧)
  - અમેરિકન ગોલ્ફ ખેલાડી આર્લોન્ડ પાલ્મરનું ૮૭ વર્ષની ઉંમરે અવસાન થયું (૨૦૧૬)
  - પંડિત દિનદયાલનો જન્મદિવસ (૧૮૮૨)
  - કથાકાર મોરારી બાપુનો જન્મદિવસ (૧૯૪૬)
- ૨૬ સપ્ટેમ્બર : વિશ્વ બધિર દિવસ
  - અમેરિકન પ્રેસીડેન્ટ જહોન એફ કેનેડી અને વાઈસ પ્રેસીડેન્ટ રિચાર્ડ એમ. નિકસનનું પ્રથમવાર ટેલિવિઝન પર ડીબેટનું પ્રસારણ થયું (૧૯૬૦)
  - ફ્રાન્સના પૂર્વ પ્રેસીડેન્ટ જેક્સ ચિરાકનું ૮૬ વર્ષની વયે અવસાન થયું (૨૦૧૯)
  - ભારતના પૂર્વ વડાપ્રધાન ડૉ. મનમોહનસિંહનો જન્મદિવસ (૧૯૩૨)
  - સદાબહાર નેતા દેવઆનંદનો જન્મદિવસ (૧૯૨૩)
- ૨૭ સપ્ટેમ્બર :
  - રૂઢ સમાજમાં બદલાવ લાવવા માટે જેમણે ક્રાંતિકારી કદમ ઉઠાવ્યા એવા રાજારામ મોહનરાયનું અવસાન (૧૮૩૩)
  - બંધારણીય રીતે અંગ્રેજોને હચમચાવનાર વિઠ્ઠલભાઈ પટેલનું નિધન (૧૯૩૩)
  - તાલીબાની નેતા મોહમદ ઓમરે કાબુલ ખાતે અફઘાનિસ્તાનને મુસ્લીમ રાષ્ટ્રની ઘોષણા કરી (૧૯૯૬)
  - ખુબ જ નાની વયની 'ગ્રેટા થન્બર્ગ' ની આગેવાની નીચે યોજાયેલ કલાયમેટ ચેન્જ પ્રોટેસ્ટનો અંતિમ દિવસ (૨૦૧૯)
- ૨૮ સપ્ટેમ્બર : વિશ્વ હૃદય દિવસ
  - નટવરલાલ પંડ્યા 'ઉશનસ'ની જન્મજયંતિ (૧૯૨૦)
  - અમેરિકાના કેલિફોર્નિયાના વિસ્તારની યુરોપિયન સફરી જહન રોડ્રીગુઝ કાર્બીલોએ કરી (૧૫૪૨)
  - મશહૂર ફ્રેન્ચ એક્ટ્રેસ બ્રિગીટ બાર્ડોટનો જન્મદિવસ (૧૯૩૪)
  - સ્પેમેક્સ એક એવી પ્રાઈવેટ કંપની જેણે ફાલ્કન-૧ નામનું પ્રવાહી બળતણ રૉકેટ ઓર્બિટમાં મોકલ્યું (૨૦૦૮)
- ૨૯ સપ્ટેમ્બર : ઈન્ટરનેશનલ કૉફી ડે
  - દુર્ગારામ કેવલરામ શાસ્ત્રીનું નિધન (૧૯૫૨)
  - ઈટાલિયન - અમેરિકન ભૌતિકશાસ્ત્રી એનરીકો ફેર્મીનો જન્મદિવસ (૧૯૦૧)
  - નાશાએ ચેલેન્જરમાં ખામી સર્જાતા સ્પેશ પ્રોગ્રામ બંધ રાખ્યો (૧૯૮૬)
  - ઓસ્ટ્રેલિયાના પ્રથમ મહિલા વડાપ્રધાન જુનિલા ગિલાર્ડનો જન્મદિવસ (૧૯૬૧)
- ૩૦ સપ્ટેમ્બર : ઈન્ટરનેશનલ ટ્રાન્સલેશન દિવસ
  - સાહિત્યકાર ચિનુ મોદીનો જન્મદિવસ (૧૯૩૯)
  - અમરિકન ઓર્થર એલી વિસેલનો જન્મદિવસ (૧૯૨૮)
  - અમેરિકાએ પ્રથમ ન્યૂક્લિયર સબમરીન અમેરિકન નેવીમાં સામેલ કરી (૧૯૫૪)
  - શાયર અને સાહિત્યકાર 'અમૃત ઘાયલ' નો જન્મદિવસ (૧૯૧૫)

ગયા સપ્તાહના સવાલનો જવાબ

ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રુપાણી પ્રથમવાર મુખ્યમંત્રી ક્યારે બન્યા હતા ?

જવાબ : ૭ ઓગસ્ટ, ૨૦૧૬

સાચા જવાબ આપનાર પત્રમિત્રો

(૧) ઋજિત રાવલ : સે-૭ (૨) જયેન્દ્રપ્રસાદ પાઠક : સે-૬ (૩) મૂળજીભાઈ પરમાર : સે-૭ (૪) નટુભાઈ દરજી : પેથાપુર (૫) હાર્દિક ભટ્ટ : સે-૨૪ (૬) પંકજ આર પ્રજાપતિ : ઉવારસદ (૭) નયન બી ગામિત : સે-૨૪ (૮) દર્શના એલ પટેલ : સે-૬ (૯) શિવાંગ બી પટેલ : સરગાસણ (૧૦) હેતવા સી જાની : સે-૨૭

આ સપ્તાહનો સવાલ

પંજાબના નવ નિયુક્ત મુખ્યમંત્રીનું નામ શું છે ?

'ગાંધીનગર સમાચાર'- ખજાનો વિભાગ

બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર

વાત વિરોધાભાસી : હાથે કરીને વહોરાય છે ઉપાધિ !
પરદેશમાં દોડવાનો અને 'ડૉગી'નો જબરો છે મહિમા



હળવે હૈયે

પ્રકાશ લાલા

જગતથી જાણે 'શાંતિ'બેન રૂઠ્યાં છે. ને કેમ ના રિસાય ? વિકાસના નામે કેળવ ભૌતિક સુખ-સંપત્તિ માટે દુનિયા ઉદામા કરીને ટેન્શન - અશાંતિ - ઉદ્વેગને નિમંત્રી બેસે પછી 'શાંતિ' બેન ક્યાંતી રાજી રહે ? વિકાસનો અર્થ કેવળ વિસ્તાર વાદ, સત્તા - સર્વોપરિતા કહીને વિશ્વ આખામાં તે મેળવવા - ટકાવવા જે ખેલ ખેલાય છે તેના બદલામાં ઈર્ષ્યા, દ્વેષ, નફરત, અશાંતિ, હિંસા, આતંક - યુદ્ધ સાંપડે છે... કદાચ તે કાઉન્ટર એકશન તરીકે જ 'વિશ્વ શાંતિ દિવસ' મનાવાતો હશે.

જેમ વિશ્વનું, એમ વ્યક્તિનું આગળ વધવા - નીકળી જવાની દોડ ને હોડમાં વ્યક્તિ ઘણું મેળવે છે ને કેટલુંક અતિ જરૂરી ગુમવે છે, જેમ કે ચેન-આરામ, માનસિક શાંતિ.... પછી વિશ્વમાં શાંતિ માટે 'વિશ્વ શાંતિ દિવસ' ઉજવાય ઘરમાં શાંતિ માટે ગ્રહ (કે ગૃહ) શાંતિની વિધિ કરાય !

પરંતુ આજે આવાં વિરોધાભાસી વલણની નવાઈ નથી. પંખો-લાઈટ્સ 'ઓર્ડર' આપતા 'ઓન' કે 'ઓફ' થઈ જાય કે ઘરનાં ટી.વી. જ નહીં, એ.સી. - હીટર,અરે, ઘરનાં ઝાંપાં - દરવાજાં 'રીમોટ' થી જ ઓપન-શટ થાય એવાં ઉપકરણો અપનાવી પહેલાં જીવનને બેઠાડુ બનાવી દેવાનુંને પછી 'ફીટ' રહેવા ફી ભરીને 'ફીટનેશ સેન્ટર' માં જવાનું. જેના વગર પમ જીવી શકાય એવું - મોટાં ઘર, બ્રાન્ડેડ કપડાં, શૂઝ, વોચ, મોબાઈલ્સ, લકઝુરિયસ કાર, હોમ થિયેટર વગેરે... વસાવવા એવી તો પારાવાર દોડધામ - મહેનત કરાય કે ટેન્શન ને અનિયમિતતાના કારણે શરીર ને મન બરાબરનાં થાકી જાય, બી.પી, કોલેસ્ટ્રોલ - ડાયાબિટીઝ વગર આમંત્રણે મહેમાન બની જાય. પછી પેલું બધું શાંતિથી ભોગવવાના બદલે ડૉકટર્સ ને મેડિસીન્સના સહારે જીવવાનું થઈ જાય. આ બધું વિરોધીભાસી નથી શું ?

માનવીની દોડધામની વાત નીકળી છે તો અહીં લંડનમાં શું કે ન્યૂયોર્કમાં - બધી જ મેગા ને મેટ્રોસિટીમાં સૌ દોડતાં જ જોવા મળે. ખાસ કરીને ઓફિસે - કામધંધે ટાઈમસર પહોંચવા માટે બસ-ટ્રેઈન પકડવા અને સાંજે જલ્દી ઘર ભેગા થવા એમને દોડવું પડે છે... 'સિટી લાઈફ મીન્સ ફાસ્ટ લાઈફ...' 'ટાઈમ ઈઝ મની' - હોવાથી સમયરુપી નાણું બચાવવા અહીં સૌની રફતાર તેજ હશે ? ધીમે - મલપતી ચાલે ચાલનારા આપણા જેવા સાચવે નહીં તો લંડન શું કે મુંબઈ શું - સ્ટેશન, રોડ, માર્કેટમાં આ દોડનારાના ધક્કે ચઢ્યા જ સમજો!!

કામ ધંધાવાળા દોડતા હોય એ જાણે સમજ્યા, પણ અહીં પરદેશમાં - તો એ સિવાય પણ દિવસના ગમે તે સમયે, ટ્રેક સૂટ કે હાફ પેન્ટ - ટી શર્ટ ચઢાવી, સ્પીડ - સ્ટેપ્સ - હાર્ટ બીટ્સ્ - વગેરે નોંધાય એવા મીટર મશીન બાવડે બાંધી, હાથમાં જ્યુસ કે વોટર બોટલ પકડીને ફૂટ પાથ પર, પાર્કમાં - ગાર્ડનમાં દોડનારા વીરલા - વીરલીઓની સંખ્યા ય ઓછી નથી હોતી, હોં ! આ બધાં 'વેલ્થ' માટે નહીં 'હેલ્થ' માટે દોડતાં રહે છે. આફટર ઓલ 'હેલ્થ ઈઝ વેલ્થ', રાઈટ ? મૂળવાત એ કે અહીંનું વાતાવરણ ઠંડકવાઓળું એટલે 'મોર્નિંગ' ને 'ઈવનિંગ' વોક જ નહીં,, દિવસ આખામાં જયારે ટાઈણ મળે - ચાન્સ મળે ત્યારે રનિંગ, વોકિંગ, સાઈકલિંગ માટે નીકળી પડાય. બીજો ય ફાયદો એ કે ઈન્ડિયાની જેમ અહીં કામવાળો કે કામવાળીની રાહ જોવાની ના હોય - એટલે પણ કામમાંથી (ઘરકામ ને હવે તો 'વર્ક ફ્રોમ હોમ' માંથી) અવકાશ મળતાં જ વચ્ચે સમય મુજબ, ટૂંકું - લાંબુ ચાલી - દોડી અવાય ખરું.

કેટલાંકને એમની અનિચ્છા છતાં પોતાની ડિયર 'ડોગી' માટે પણ ફરજિયાત ચાલતા નીકળવું પડતું હોય છે... એમને જોઈએને કયારેક થાય કે એ શ્રીમાન કે શ્રીમતી એમના 'ડૉગી' ને લઈને જાય છે કે 'ડૉગી' એમને દોરી જાય છે!! કૂતરાંને લઈને નીકળેલાની કયારેક રમૂઝ જોવા મળે છે... માલિકને જવું હોય ડાબે ને 'જોગી' એ જમણી બાજુ એનાં સગાં વ્હાલાં ને કે દુશ્મનને જોઈ લીધાં હોય તે એને ત્યાં 'હાઈ હલ્લો' કરવા કે ઝઘડવા જવું હોય એટલે એ જમણે ખેંચે બંને વચ્ચે થોડીવાર ખેંચાખેંચી ચાલે.... જો કે પછી 'ટ્રેઈન્ડ ડોગી' માલિકના ગુસ્સા કે પુચકારથી પોતાની હઠ મૂકી દે ખરાં !!

દુનિયામાં કૂતરાની ૨૦૦ થી વધુ જાતો હશે... અહીં એ પૈકી ભાતભાતની શકલ-સૂરતના 'ડોગ્સ' - લેબ્રાડોર, જર્મન શેફર્ડ, ફ્રેંચ બુલડોગ, ગ્રેટ ડેન્સ, બોકસર્સ વગેરે વગેરે.. જોવા મળે... તમે ચાલતા હોવ ને ડોગીને લઈને નીકળનારને સાઈડ આપો તો ખુશ થઈને 'થેન્ક્યુ' કહે જ.... અને સાહેબ, જો એના 'ડોગી'ને 'વેરી ક્યુટ' કહ્યું તો એના ચહેરા પર 'ડોગી' ના નહીં એના માલિકના, યાર જે ચમક ને ગૌરવ ઝળકે તે આપણે જોતા જ રહીએ... આપણે ત્યાં બસમાં - ટ્રેઈનમાં કે રસ્તામાં નાના બાળકને તેડીને જતી મમ્મીને કહીએ કે 'તમારો બાબો/બેબી બહુ સુંદર છે - ખૂબ હેલ્થી છે' ને એ સાંભળી મમ્મી જેટલી આનંદિત થઈ ઊઠે અદ્દલ એવી ખુશી અહીં શ્વાન માલિકના મોં પર જોવા મળે... ને તમારે એ બહેન કે ભાઈ સાથે વધારે વાત કરવી હોય તો પૂછો : 'હાઉ ઓલ્ડ ઈટ ઈઝ? વોટ બ્રીડ?' બસ, પછી પેલાં એમનાં લાડલા - સ્વાન 'પપી'નો ફૂલ બાયોડેટા આપી દેશે. નસીબદાર ડોગી, ખરું ને?

અહીં રખડતાં શેરી કૂતરા તો જોવાય ના મળે.... પણ 'પેટ ડોગ્સ' પણ બહુ ભસતાં સાંભળવા ના મળે... કયારેક કોઈ ભસે તો ય ઓછું ને આછું... હળવેથી ને થોડું.... અમને આશ્ચર્ય થયું.... પૂછતાં જણાયું કે એમને ટ્રેઈન્ડ જ એ રીતે કરાયાં હોય છે કે ભસતાં નથી.... ને કયારેક બિચારામાં જાત પર જાય તોય માલિકના 'નો ડાઈગર, નો લ્યુસી, કામ ડાઉન.... શટ અપ બેબી' ના વહાલભર્યા કે ગુસ્સાભર્યા કમાન્ડ સાથે એ ચૂપ થઈ જાય !!

અમને થયું કે ભસવું તો કૂતરાંઓની વાણી - વાચા છે અભિવ્યક્તિનું માધ્યમ છે - એમનો 'પાવર ઓફ સ્વીચ' નો આ અધિકાર છીનવી લેવાય તે કેટલે અંશે વાજબી કહેવાય ? 'હ્યુમન રાઈટ્સ' માટે બાંયો ચઢાવતી આ એજ્યુકેટેડ પરદેશી પ્રજા આ 'એનિમલ રાઈટ્સ' કેમ છીનવી રહી હશે ? એ જવા દો, પણ ઉત્ક્રાંતિના નિયમાનુસાર પ્રાણીના જે અંગનો ઉપયોગ થતો ન હોય તે અંગનો લાંબા કાળે લોપ થાય છે.... તો શું વર્ષો પછી કૂતરાંઓ ભસવાની શક્તિ - ક્ષમતા વગરની જાતિનાં થઈ અવતરશે ?

આ વાતની ચિંતામાં અમને ટેન્શન થઈ ગયું છે... શું કરવું ?!